647510 **0101201E2042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April - 2024 (As Per Syllabus Year-2016)
## GUJ. : P4 SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-2)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

સાચો શિક્ષક કદી વિધાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતુ રહે છે. તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહી. સાહિત્યના શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઈએ. સાહિત્યના આગળ વર્ણવેલા મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝના બળે અંગુલિ નિર્દેશ કરવો, એટલું જ નહિ, પણ એ શકયતાઓ સહિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સર્જવાનાં પોતાની અધ્યાપન પ્રવૃતિને ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ માનતો હોવો જોઈએ.

-સુરેશ જોશી

અથવા

પ્રશ્ન.૧ ‘લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય, લોકવાર્તા જેમ ઈતિહાસ, પુરાણ અને નવલકથા ઈત્યાદિ અભિજીત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો પણ અખંડ કાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચપ્પૂ, દરેક રસાત્મક કૃતિનું મૂળ છે, લોકગીતોનું માધુર્ય વનલતાની શોભામાં જેવું સ્વભાવ સુંદર હોય છે. કોઈપણ સમાજનું સાચું સ્વરૂપ જોયું હોય તો તેનાં લોકગીત તરફ જોવું પડે.’

-કાકા કાલેલકર

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

નદીને જો કોઈ ઉપમાં આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે, નદીનો કાંઠો એટલે શુધ્ધ અને શીતલ હવા નદીને કાંઠે-કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે કાંઠા ઉપર રહેનારા લોકોની જાહોજલાલીએ નદીને જ આભારી હોય સાચે જ નદીએ જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાંદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે? શહેરનું મેલુ વાતાવરણ કયાં અને નદીનું પ્રસન્ન દર્શન કયાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરૂને વંદન કરવુ ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

-કાકા કાલેલકર

અથવા

પ્રશ્ન.૨ મનુષ્યમાત્રનો પોતાનો પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્રેષ નથી. અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાનાં પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરોબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુ:ખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા બીજી રીતે અશકય છે. જે પડોશીને તરછોડે છે. તે પોતાના શોખને પૂરો કરે છે, તે સ્વેચ્છાચારી,સ્વછંદી છે, તે કેવળ પોતાને જ સારું જીવે છે. જેને મન આખું જગત કુંટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઈ શકે.

-ગાંધીજી

પ્રશ્ન.૩ વિરામચિન્હો એટલે શું? સમજાવી તેના વિશે વિસ્તૃત નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ નીચેના વાકયોમાં વિરામચિન્હો મૂકી ફરીથી લખો. (કોઈપણ સાત)

(૧) વાહ ધન્ય છે તારી ટેકને

(૨) તેના લોચન રાજીવ કમળ સમાન છે

(૩) હવે તમને કેમ લાગે છે માથુ દુ:ખે છે

(૪) મારો જન્મ ૫૩ માં થયો હતો

(૫) અરે કેવો ક્રુર માણસ

(૬) અહા સૂર્યોદય કેવો આહલાદક છે

(૭) ગાંધીજીની આત્મકથા સત્યનાપ્રયોગો તમે વાંચી છે

(૮) ભગવાન બુધ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે

(૯) દશરથ રાજાને ત્રણ રાણી કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી

(૧૦) મુંજાલા તું જાણે છે હું ગુજરાતની રાજમાતા છું

પ્રશ્ન.૪ સમાસ એટલે શું? તે સમજાવી દ્વન્દ્વ સમાસ અને બહુવ્રીહિ સમાસ વિશે નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

(૧) હારજીત (૨) પ્રેમવશ (૩) રેખાચિત્ર (૪) પીતાંબર (૫) સંસાર સાગર

(૬) મેઘ ગંભીર (૭) ત્રિભુવન (૮) મહાબાહુ (૯) ગજાનન (૧૦) પાણીપંથો

પ્રશ્ન.૫ નીચેના આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાકય બનાવો. (૧૪)

(૧) ચોર કોટવાળને દંડે

(૨) જીવ બળવો

(૩) ઠરીઠાન બેસવું

(૪) બળતામાં ઘી હોમવુ

(૫) દિલમાં રામ વસવા

(૬) બે પાંદડે થવું

(૭) કાગની ડોળે રાહ જોવી

અથવા

પ્રશ્ન.૫ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો.

(૧) અકકરમીનો પડિયો કાણો

(૨) મોરનાં ઈંડા ચીતરવા ન પડે

(૩) રાત થોડીને વેશ ઝાઝા

(૪) ઉતાવળે આંબા ન પાકે

(૫) ગાજયા મેહ વરસે નહિ

(૬) ચળકે તેટલું સોનું નહિ

(૭) એક પંથ દો કાજ

************************